**(1) પાણીમાં એમોનિયાના પ્રદૂષણ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) પીવાના પાણીમાં એમોનિયાનું મહત્તમ પ્રમાણ 0.5 ppm માન્ય છે.
(2) 0.75 ppm કરતાં એમોનિયાનું પ્રમાણ વધુ હોય તો તે માછલીઓ માટે ઝેરી બને છે.
(3) માણસ પણ 0.75 ppm કરતાં વધુ પ્રમાણ ધરાવતાં એમોનિયા–યુકત પાણીનું લાંબા સમય સુધી ગ્રહણ કરે તો તેના આંતરિક અંગોને નુકશાન થઈ શકે છે.
(4) યમુના નદીમાં એમોનિયાનું પ્રમાણ 3 ppm જેટલું જોવા મળ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ યમુના નદીના પાણીમાં એમોનિયાનું ઊંચ્ચુ પ્રમાણ (આશરે 3 ppm) જોવા મળ્યું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ BIS (બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ) મુજબ, પીવાના પાણીમાં એમોનિયાનું મહત્તમ માન્ય પ્રમાણ 0.5 ppm છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ એમોનિયા એક રંગવિહીન વાયુ છે અને તેનો ઉપયોગ ખાતર, પ્લાસ્ટીક, ફાયબર, ડાય વગેરેની બનાવટમાં ઔદ્યોગિક રસાયણ તરીકે થાય છે.

⇛ જો પાણીમાં એમોનિયાનું પ્રમાણ 1 ppm કરતાં વધે તો તે માછલીઓ માટે ઝેરી બને છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ઉપરાંત માણસ પણ લાંબા સમય સુધી 1 ppmથી વધુ માત્રા ધરાવતાં એમોનિયા–યુકત પાણીનું ગ્રહણ કરે તો તેના આંતરિક અંગોને નુકશાન પહોંચી શકે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'Green-Ag' પ્રોજેક્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પ્રોજેક્ટ ભારતના 5 રાજ્યો માટેનો છે.

(2) આ પ્રોજેક્ટનું ફંડીંગ 'ગ્લોબલ એન્વાયરમેન્ટ ફેસિલિટી' દ્વારા કરવામાં આવી રહયું છે.

(3) આ પ્રોજેક્ટ ટકાઉ જમીન અને પાણીના નિયમન માટેનો છે.

(4) આ પ્રોજેક્ટનું અમલીકરણ ગ્રામ્ય વિકાસ મંત્રાલય દ્વારા કરાવવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં મિઝોરમમાં **'Green-Ag'** પ્રોજેક્ટ લોંચ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ 5 રાજ્યોમાં ચલાવવામાં આવશે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ 5 રાજ્યોમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓડિશા, ઉત્તરાખંડ અને મિઝોરમનો સમાવેશ થાય છે.

⇛ આ પ્રોજેક્ટનું ફંડીંગ ગ્લોબલ એન્વાયરમેન્ટ ફેસિલિટી દ્વારા કરવામાં આવી રહયું છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ પ્રોજેક્ટના અમલીકરણ માટેની ભારતની સંસ્થા કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ છે. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

⇛ આ પ્રોજેક્ટમાં પર્યાવરણ મંત્રાલય અને **FAO** (ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન) પણ જોડાયેલ છે.

⇛ આ પ્રોજેક્ટ જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન અને ટકાઉ જમીન નિયમનના હેતુઓ અને પ્રવૃત્તિઓને ભારતીય કૃષિમાં એકીકૃત કરવા ઈચ્છે છે.

⇛ પ્રોજેક્ટ આશરે 1 લાખ હેક્ટર જેટલી જમીનને ટકાઉ જમીન અને પાણી નિયમન વપરાશ હેઠળ લાવવાનું ધ્યેય રાખે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) નાગાર્જુનસાગર-શ્રીસૈલામ ટાઈગર રિઝર્વ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે ભારતનું સૌથી મોટું ટાઈગર રિઝર્વ છે.

(2) આ વિસ્તારના મોટા ભાગમાં જાવાડી તથા શેવરોય પહાડીઓ આવેલી છે.

(3) આ વિસ્તારમાંથી ક્રિષ્ના નદી પસાર થાય છે.

(4) આ ટાઈગર રિઝર્વ આંધ્રપ્રદેશ–તેલંગાણાના 5 જિલ્લાઓમાં ફેલાયેલું છે.

(A) માત્ર (1) અને (3) (B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ નાગાર્જુનસાગર – શ્રીસૈલામ એ ભારતનું સૌથી મોટું ટાઈગર રિઝર્વ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રિઝર્વ આંધ્રપ્રદેશ–તેલંગાણા : 5 જિલ્લાઓમાં વિસ્તરેલું છે તથા તેનો કુલ વિસ્તાર 3728 ચોરસ કિલોમીટર છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ અહીંના મોટા ભાગના વિસ્તારમાં નલ્લામાલા પહાડીઓ આવેલી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ઉપરાંત આ રિઝર્વમાંથી ક્રિષ્ના નદી પણ પસાર થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ વિસ્તારમાંથી નાગાર્જુન વિશ્વ વિદ્યાલયમ્‌નો કાટમાળ પણ મળી આવેલો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) RIC ગ્રુપીંગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) RICમાં રશિયા, ભારત અને ચીન એમ ત્રણ દેશોનો સમાવેશ થાય છે.
(2) આ ગ્રુપની શરૂઆત 1990ના દશકના અંત સમયમાં થઈ હતી.
(3) આ ગ્રુપ વિશ્વની 49% GDP ધરાવે છે.
(4) પશ્ચિમી એલાયન્સ (જોડાણ)ને સંતુલિત કરનાર આ સમૂહ છે.

(A) માત્ર (1), (2) અને (4) (B) માત્ર (1)
(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ જૂન મહિનામાં યોજાયેલી RICની મિટીંગમાં ભારતે ભાગ લીધેલો હતો.

⇛ RICમાં ત્રણ દેશ ભારત, રશિયા અને ચીનનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ એક સ્ટ્રેટેજીક ગ્રુપ છે જેની રચના 1990ના દશકના અંત સમયમાં થવાની શરૂ થઈ હતી. આ માટેનું નેતૃત્વ રશિયાના એક રાજનેતાએ કર્યું હતું. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ગ્રુપની સ્થાપના પશ્ચિમી એલાયન્સના સંતુલન તરીકે કરવામાં આવેલી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ દ્વારા અમેરિકા કેન્દ્રિત રશિયાની વિદેશ નીતિનો અંત આવશે, ભારત સાથેના જૂના સંબંધો પુનઃજીવીત થશે તથા ચીન સાથેની નવી મિત્રતા ગાઢ થશે. એવા વિચાર પર રશિયા દ્વારા આ ગ્રુપની સ્થાપના કરવામાં આવી હતી.

⇛ RIC વૈશ્વિક GDPની 33% GDP તથા 19% વૈશ્વિક જમીન ભાગ ધરાવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(5) ભારતે ખરીદેલા રફાલ જેટમાં નીચેનામાંથી કઈ-કઈ સુવિધાઓ છે ?

(1) AMRAAM મિસાઈલ

(2) પાંચમી પેઢીનું જેટ વિમાન

(3) SCALP મિસાઈલ

(4) HAMMER મિસાઈલ

(A) માત્ર (1) અને (2)   (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (4)   (D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ પાકિસ્તાન દ્વારા વાપરવામાં આવતાં F16 જેટમાં માત્ર AMRAAM મિસાઈલો જ આવી શકે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ રફાલ એ 4.5મી જનરેશનનું છે જ્યારે ચીનનું J20 એ 5મી જનરેશનનું છે. આમ છતાં, રફાલ એ J20 કરતાં ઘણું ચડીયાતું છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ રફાલમાં SCALP એર–ટુ–ગ્રાઉન્ડ ક્રુઝ મિસાઈલ છે. તેની રેંજ 300km કરતાં પણ વધુ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ રફાલમાં MICA એર–ટુ–એર મિસાઈલ છે જે નજીકની ફાઈટ તથા દૂરના લક્ષ્ય એમ બન્ને માટે વપરાય શકે છે.

⇛ ભારતે અંતિમ સમયે રફાલમાં HAMMER મિસાઈલ પણ નખાવડાવી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ HAMMER એ એર–ટુ–ગ્રાઉન્ડ મિસાઈલ છે. જે બંકર જેવા કઠિન લક્ષ્યો સમક્ષ વાપરી શકાય છે તથા તેની રેંજ 70kmની છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT